# ધાનેરામાં બી.પી.એલ.ના લાભાર્થીઓને મળતા મીટર કોણે ચાઉ કર્યા ?

## ૧૦૦-૧૦૦ રૂપિયા ઉઘરાવી વીજ મીટર આપવાના વાયદા કર્યા હતા

ડીસા, તા. ૨

સરકાર દ્વારા બી.પી.એલ ના લાભાર્થીઓ ને વિવિધ લાભો આપવામાં આવતા હોય છે પરંતુ સરકાર ના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ બી.પી.એલ લાભાર્થીઓ ને મળતા લાભો પણ ચાઉ કરવાનું ભૂલતા નથી.

વાત છે બનાસકાંઠા જીલ્લા ના ધાનેરા ની કે જયાં બી.પી.એલ ના લાભાર્થીઓ ને ધાનેરા નગરપાલિકા ખાતે ૧૦૦ રૂપિયા ફી ભરવાની અને જે મોટી સંખ્યા માં લોકોએ ૧૦૦ રૂપિયા ફી ભરી હતી બી.પી.એલ ના લાભાર્થીઓ ને ૧૦૦ રૂપિયા માં વીજ મીટર અને વીજળી આપવાના વાયદા કરવામાં આવ્યા હતા પરંતુ હવે અહી સવાલ એ ઉભો થાય છે કે જયારે હવે વીજ મીટર ફીટ કરવા માટે વીજ કર્મચારીઓ આવે છે ત્યારે બી.પી.એલ ના લાભાર્થીઓ પાસે પૈસા ની માંગણી કરતા હોવાની રાડ ઉઠવા પામી છે જો આ વાત સત્ય હોય તો શરમજનક કહેવાય અને જો પૈસા આપવાની ના પડે તો તે લાભાર્થીઓ ને ત્યાં મીટર ફીટ કાર્ય વગર પાછા જાય છે અને કહે છે કે તમારા ઘર ની આકારની આપો અને અન્ય કાગળો આપી તમારું મીટર ફીટ કરવો હવે લોકો કહી રહ્યા છે કે અમારે મીટર લગાડો નહીતર અમારી પાસેથી લીધેલા પૈસા પાછા આપો અને અમારું મીટર ક્યાં કારનો સર રદ થયું છે તે બાબતે અમને લેખિત માં આપો.

બી.પી.એલ ના લાભાર્થીઓ ને મીટર ફીટ કરવા માટે વીજ કર્મચારીઓ દ્વારા આકારની અને કાગળો માંગવામાં આવે છે તો બીજી તરફ ધાનેરા માં વીજ કર્મચારીઓ દ્વારા ખુલ્લી જગ્યાએ પોતાની મીલીભાગતી ચલાવી મીટર લગાવી રહ્યા છે અને કેટલીક જગ્યાએ તો રહેણાંક વિસ્તાર માં પણ એકદમ નીચે ખુલ્લા વાયરો સાથે મિત્રો લાગેલા જોવા મળે છે અને આ મીટર ના ખુલ્લા વાયરો ને કોઈ નો હાથ અડી જાય અથવા તો કોઈ બાળક અડી જાય તો મોટી જાનહાની સર્જાય તો નવી ન કહેવાય અને લોકો તો એવું પણ કહી રહ્યા છે કે વીજ બોરેદ ની બેદરકારી ક્યાંક કોઈ નો ભોગ તો નહિ લેનેહવે જોવાનું એ રહે છે કેબી.પી.એલ ના લાભાર્થીઓ ના મીટર ચાઉ કરવાનાર અને ખુલ્લી જગ્યાએ જીવલેણ બની શકે તેવા મીટર લગાડનાર સામે કાર્યવાહી કરવામાં આવે છે કે નહિ તે તો આવનારો સમય જ બતાવશે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

નવરચિત અરવલ્લી જીલ્લાના પ્રથમ કલેકટર બી. જે. ભટ્ટને અરવલ્લી જીલ્લા કલકેટરથી બદલીને એડીશનલ સેક્રેટરી તરીકે ગાંધીનગર સચિવાલય ખાતે રર્બન એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ તરીકે મુકવામાં આવ્યા હતા અને તેમની જગ્યાએ અરવલ્લી જીલ્લાની કમાન નર્મદા જીલ્લામાં જીલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા એસ. છાકછુઆકને સોપવામાં આવી હતી. રવિવારના દિવસે અરવલ્લી જીલ્લા કલેકટર તરીકે નિમણુક કરાયેલ એસ. છાકછુઆકે પોતાનો ચાર્જ વિધીવત રીતે સંભાળીને અધિકારીઓ સાથે એક ઔપરચારીક રીતે પરિચય બેઠક યોજવામાં આવી હતી અને કલેકટર તરીકેનો ચાર્જ સંભાળ્યાના બીજા જ દીવસથી અરવલ્લી જીલ્લામાં ગુજરાત રાજયના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકાશશીલ ગુજરાતના સપનાને સાર્થક કરવા માટે અને અરવલ્લી જીલ્લાને વિકાસની ગતીએ આગળ વધારવા માટે અરવલ્લી જીલ્લાના તમામ તાલુકાની મુલાકાત લેવાનુ પણ એક આયોજન કરવામાં આવ્યુ હતુ અને જેમાં પ્રથમ મુલાકાતની પસંદગી આજ રોજ બાયડ તાલુકા પર ઉતારી હતી.

# મોડાસાની મખદુમ શાળામાં વાલી સંમેલન યોજાયું

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના મોડાસામાં આવેલ મખદુમ



એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત મખદુમ હાયર સેકન્ડરી સ્કૂલ અને પ્રાથમિક શાળાનો ૫૦મો વાર્ષિક મહોત્સવ પ્રસંગે તેજસ્વી તારલાઓના સન્માન અને વાલી-વાલેદા સંમેલન યોજાયું હતું.

મોડાસાના લઘુમતી વિસ્તારમાં આવેલ મખદુમ એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત હાયર સેકન્ડરી સ્કૂલ પ્રાથમિક શાળા જેનો ૫૦મો વાર્ષિક ઉત્સવ યોજવામાં આવ્યો હતો. તેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શાળામાં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા જેમાં મુસ્લિમ સમાજના આ શાળામાં ભણેલા ૧૯ વિદ્યાર્થી કે જે ડોક્ટર બન્યા છે તેઓને તથા તેમના વાલીઓને શાલ તથા પુષ્પ ગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું અને આ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને ઈનામોની વણજારનો વરસાદ વરસાવવામાં આવ્યો હતો. જેમાં આ સન્માન સમારંભના અધ્યક્ષ મેઘરેજી મો. નઈમ વાય અને અતિથી વિશેષ પ્રસિદ્ધ નાટ્ય લેખક અરવિંદભાઈ પંડ્યાનું પણ મંચસ્થ સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમની શરૂઆત સ્વાગત ગીત, માબાપ વિષે ગીત, સ્વચ્છતા વિષે નાટક અંગ્રેજી સ્પીચ અને કવાલી જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં શાળાના ૨૦૦૦ થી વધુ વિદ્યાર્થી હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનો આભાર શાળાના પ્રિન્સીપાલ આર.યુ. મનસુરીએ કર્યો હતો.

### સ્વાઈન ફલુનો કુલ આંક ૪૧ પર પહોચ્યો

## અરવલ્લી જિલ્લામાં સ્વાઈન ફલુનો કહેર યથાવત : વધુ ૩ નવા કેસ

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૪

સ્વાઈન ફલુનુ સંકટ દિવસે ને દિવસે ભયાનક સ્વરૂપ ધારણ કરી રહયુ છે આ રોગને લઈને ગુજરાત રાજય ના તમામ જીલ્લા ના લોકો માં ભયનો માહોલ છવાયો છે ત્યારે અરવલ્લી જીલ્લામાં પણ આ રોગને લઈને લોકોમાં ફફળાટ વ્યાપી ગયો છે. અરવલ્લી જીલ્લામાં પણ સ્વાઈન ફલુ નામક આ મહાબીમારી થમવાનુ નામ જ ન લેતી હોય તેમ દિવસે ને દિવસે આ રોગના દર્દીઓની સંખ્યામાં વધારો થતો જાય છે. ત્યારે આજે ફરીથી અરવલલી જીલલામાં સ્વાઈન ફલુના ૩ કેસ પોઝેટીવ મળી આવતા લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. આજ રોજ અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના ધાંધીયા ગામના ૭ વર્ષીય બાળકને સ્વાઈન ફલુ પોઝેટીવ આવતા તેને સારવાર અર્થે અમદાવાદની સીવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવયો હતો.

જયારે માલપુર તાલુકાના એક ૪૮ વર્ષીય પુરૂષ અને ૨૬ વર્ષીય મહિલાને પણ સ્વાઈન ફલુ પોઝેટીવ આવતા અમદાવાદની આનંદ હોસ્પીટલ અને અમ્મા હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયારે આરોગ્ય અધીકારી ડો. મનીષ ફેન્સીના જણાવ્યા અનુસાર અરવલ્લી જીલ્લામાં ટોટલ ૪૧ કેસ નોધાય છે. જેમાંથી ૫ના મૃત્યુ થયા છે તેમજ અત્યાર સુધીમાં ૨૦ જેટલા લોકોને ડીસ્ચાર્જ કરાયા છે. ૧૫ જેટલા લોકો સ્ટેબલ છે. ૧ વ્યક્તિને વેન્ટીલેટર પર રાખવામાં આવેલ છે.

# અનવરપુરામાં નજીવી બાબતે મારામારી ચાર વ્યક્તિઓ સામે પોલીસ ફરિયાદ

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અનવરપુરામાં ઘર આગળથી ગાડી લઈ જવાની નજીવી બાબતે લાકડીઓ ઉડી હતી. પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ અનવરપુરા ગામે શનિવારના રોજ ફરિયાદી મહેશભાઈ પુંજાભાઈ પ્રજાપતિ રહે અનવરપુરા કે જેવો પોતાની આઈશર લઈને પોતે આરોપીઓના ઘર આગળથી જઈ રહ્યા હતા તે સમયે અંબાલાલ જેઠાભાઈ પટેલ ગાડી રોકતા કહ્યું કે અહીંથી ગાડી કેમ લઈ જાય છે અને નજીવી બાબતે બોલાચાલીમાંથી વાત ઉગ્ર બનતા અન્ય ત્રણ આરોપીઓ વચ્ચે પડી લાકડીનો માર મારતા તેવો શરીરે નાની મોટી ઈજાઓ થતાં તેવોએ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ચાર વિરૂધ્ધ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે અંબાલાલ જેઠાભાઈ પટેલ, અંકિત અંબાલાલ પટેલ, સોમીલાલ દિનેશભાઈ પટેલ, જગદીશ બાબુભાઈ પટેલ ચારે વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે જયારે આની સામે પટેલ અંબાલાલ જેઠાભાઈ એ પણ સામે ક્રોસ ફરીયાદ કરતાં પોલીસે તેવોની પણ ફરીયાદ લઈ પોલીસ હેડ કોન્સ્ટેબલ માનસિંહ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# દંત્રાલ લેબ ટેકનીશીયન દ્વારા વારંવાર ગુલ્લી મારતા આરોગ્ય તંત્રએ તપાસ આદરી

ખેડબ્રહ્મા, તા. ૨

પોશીના તાલુકાના દંત્રાલ ગામે આવેલ પી.એસ.સી. સેન્ટર આવેલ છે. જ્યાં દંત્રાલના આજુબાજુના ગામડાના લોકો સારવાર માટે આવે છે. હાલમાં સ્વાઈન ફ્લુ જેવી બિમારી ફેલાઈ રહી છે. ત્યારે ડોક્ટરો પણ લેબોરેટરી કરવા પર વધુ ધ્યાન આપે છે. પણ દંત્રાલ પી.એસ.સી. સેન્ટરના લેબ ટેકનીશીયન ઈમરાન મેમણ વારંવાર ગુલ્લી મારતા કોઈ લોકોને પોશીના અથવા ખાનગી લેબ.માં રીપોર્ટ કરાવવા જવુ પડતુ હતુ. તેને લઈ ઉગ્ર રજુઆતો છતાં જિલ્લાકક્ષાએથી ડો. મનીષ ફેન્સી દ્વારા ખેડબ્રહ્મા ટીએચઓ કચેરીએ આદેશ કરતાં કચેરીના રાજેન્દ્રસિંહે ટીમ સાથે શનિવારના રોજ દંત્રાલ પી.એસ.સી. સેન્ટરની મુલાકાત લેતા લેબ ટેકનીશીયનનો ભાંડો ફુટી ગયો હતો. લેબ ટેકનીશીયન ઈમરાને મસ્ટર પર શુક્રવારના રોજ શુક્રવાર અને શનિવારની એડવાન્સમાં સહી કરી જતા રહેલ હોવાનું ડો. રાજન કાલરીયાએ ટીમને જણાવ્યું હતું. સમગ્ર સ્ટાફની રૂબરૂમાં રાજેન્દ્રસિંહેએ પંચનામુ કરી લેબ ટેકનીશીયન વારંવાર ગુલ્લા મારતા હોવાનું બહાર આવ્યું છે.

દસ દિવસ અગાઉ ખેડબ્રહ્મા તાલુકાના ખેરોજ પી.એચ.સી. સેન્ટર અચાનક તપાસ દરમ્યાન ત્રણ કર્મચારીઓને કારણ દર્શક નોટીસ ફટકારવામાં આવી હતી. જેની શ્યાહી હજુ સુકાઈ નથી ત્યાં જ આ બીજો કિસ્સો બહાર આવતા લોકોમાં તાલુકા હેલ્થ ઓફીસરની ઢીલી નિતી શંકાના દાયરામાં આવી રહી છે. લોકોમાં રોષ છે કે તાલુકા હેલ્થ અધિકારી આવા ગુલ્લીબાજ કર્મચારીઓને છાવરી રહ્યાનું પ્રજામાં ચર્ચાઈ રહ્યું છે.



પ્રાંતિજ જાયન્ટ ગ્રુપ દ્વારા સ્વાઈન ફલુના ચેતવણીના ભાગ રૂપે વિવિધ સ્થળોએ આયુર્વેદીક ઉકાળો બનાવી વિતરણ કરાયું હતું. જેમાં અપ્રોચ રોડ ઉપર આવેલ ગાયત્રી હોસ્પિટલમાં પણ આજુબાજુના વિસ્તારના લોકોને ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો. (તસવીર : સંજય રાવલ)

## મોડાસા એસ.ટી. બસ ડેપોમાં ઉભેલી બસ અચાનક ચાલુ થઈ દિવાલ સાથે અથડાઈ : મુસાફરોમાં અફડાતફડી

મોડાસા, તા. ૨

ગુજરાત રાજય પરિવહન નિગમ દ્વારા ગુજરાતના મુસાફરોને મુસાફરી કરવા માટે પુરી પાડવામાં આવતી બસોમાં વારંવાર બ્રેકડાઉન થવાના અને બસો રસ્તા પર ગમે ત્યારે મુસાફરોને રઝળતા મુકી દેવાના કિસ્સામં સુધારા થઈ રહ્યા હોવા છતાં હજુ કેટલીય બસોમાં વારંવાર યાંત્રિક ખામીઓ સર્જાતા મુસાફરોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં આજે સાંજના ૫ વાગ્યાના સમયે મોડાસા એસ.ટી. ડેપોમાં એક બસમાં બ્રેકડાઉન અથવા યાંત્રિક સમસ્યા સર્જાતા અફડાતફડી મચી ગઈ હતી. મોડાસા બસ સ્ટેન્ડમાં હિંમતનગર ડેપોની મોડાસાથી પાટણ જતી બસ ડ્રાઈવર દ્વારા ઉપડવાના નિશ્ચિત સમય ૫.૧૫ પહેલા ૫ વાગે ઉભી રાખી બસનો ડ્રાયવર નીચે ઉતરી આજુબાજુ જતાં ઉભેલી બસ અચાનક જ ચાલુ થઈ જતા મુસાફરોને ઉભા રહેવાના પહેલા બનાવેલ મોટી દિવાલને પાર કરી એસ.ટી. કચેરીની મુખ્ય દિવાલ સાથે ધડાકાભેર અથડાઈ હતી આજે રવિવારના કારણે મુસાફરો અને વિદ્યાર્થીઓને રજા હોવાથી આજે મોટી જાનહાની થતી અટકી પડી હતી. જો આ ઘટના ચાલુ દિવસે બની હોત તો કેટલાય લોકોએ જાન ગુમાવવાનો વારો આવ્યો હતો. બસ દિવાલ સાથે અથડાતાં મુસાપરોમાં નાસભાગ મચી ગઈ હતી. બસ (નં. જીજે-૧૮-વી ૫૩૬૦)ને તાત્કાલીક એસ.ટી. વિભાગના અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવતા બસમાંથી વાયરીંગમાં સ્પાર્ક થવાના કારણે બસ અથડાઈ હોવાનું જણાઈ આવ્યું હતું.

## ડીસાના ભોયણ ખાતે ગાયની અડફેડે કારે પલ્ટી ખાધી

ડીસા, તા. ૨

ડીસા નજીક ભોયણ પાસે એક કાર આગળ ત્રણ ગાયો આવી જતા કાર પલ્ટી ખાઈ ગઈ હતી અને એક ગાયનું મોત થયું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસાના અરવિંદભાઈ ઠક્કર પોતાની વેગનઆર ગાડીમાં પાલનપુરથી ડીસા આવી રહ્યા હતા ત્યારે ભોયણ નજીક હોટલ સંધ્યા સામે હાઈવે રોડમાં કાર આગળ ઓચિંતી ત્રણ ગાયો આવી ગઈ હતી. આ સમયે કાર પલ્ટી ખાઈને રોડની સાઈડમાં ખાબકી હતી. આ સમયે ગાયને ટક્કર વાગતા ગાયનુ મોત થયુ હતુ. જો કે અરવિંદભાઈ ઠક્કરનો બચાવ થયો હતો. પણ ગાડીના આગળના ભાગે મોટુ નુકસાન થવા પામ્યું હતું.

# દાંતાના વાઘડાચામાં મુખ્યમંત્રીના હસ્તે માધ્યમિક શાળાનું નામકરણ કરાયું

પાલનપુર, તા. ૨

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના વાઘડાચામાં માધ્યમિક શાળાના નામકરણ માટે આવેલા રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આદિજાતિ વિસ્તારના બાળકોને આશ્રમશાળા અને નિવાસી શાળામાં રહીને અભ્યાસની સગવડ આપવા માટે આવી આશ્રમ શાળાઓની માસિક નિભાવ ગ્રાન્ટમાં પણ વિદ્યાર્થી દીઠ રૂ. ૫૦૦નો વધારો કરીને રૂ.૧૫૦૦ આપવાનું રાજય સરકારે નક્કી કર્યું હોવાનું જણાવ્યું હતું.

આનંદીબેન પટેલે આદિજાતિઓના સર્વાંગી વિકાસમાં શિક્ષણને પ્રથમ સોપાન તરીકે સ્વીકારી રાજય સરકારે આદિજાતિ ક્ષેત્રોમાં શિક્ષણ સવલતો આધુનિક બનાવવા આ વર્ષના અંદાજપત્રમાં ૧૬૭૫ કરોડ સુનિશ્ચિત કર્યા છે તેમ જાહેર કર્યું હતું.

જિલ્લાના આદિજાતિક્ષેત્ર દાંતા તાલુકાના વાઘડાચા ગામે વનવાસી ઉત્કર્ષ મંડળ સંચાલિત માધ્યમિક શાળાના નામકરણ અને સ્થાપક હરીસિંહ ચેલાજી બારડની





(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પ્રતિમાના અનાવરણ અવસરે મુખ્યમંત્રીએ સંબોધન કર્યું હતું. આનંદીબેને વનવાસી વિસ્તારોમાં કન્યા શિક્ષણનો વ્યાપ વધારવાની પ્રેરણા આપતા જણાવ્યું કે ધો-૯માં પ્રવેશ મેળવતી દિકરીઓને સાયકલ આપવા સાથે ઉચ્ચ અભ્યાસ માટે અન્ય ગામ શહેરોમાં જતી દિકરીઓને મફત બસ મુસાફરીની સવલત આ સરકારે આપી છે. શાળાકીય શિક્ષણને વધુ પ્રોત્સાહિત કરવા પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિની રકમમાંપણ વધારો કર્યો છે. વનબંધુ વિસ્તારની શાળાઓમાં કોમ્પ્યુટર અભ્યાસની સવલત તેમજ અદ્યતન લાયબ્રેરી સુવિધા માટે પણ આ વર્ષના અંદાજપત્રમાં વિશેષ જોગવાઈઓ કરી છે તેની વિસ્તૃત ભૂમિકા આપી હતી.

## મહેમદાવાદના સિદ્ધિ વિનાયક મંદિરે ઈકો ફ્રેન્ડલી હોળી પ્રગટશે

વાત્રક નદી કાંઠે આકાર પામેલ ભારતનું ઊંચુ ચાર માળનું અને સૌથી નવું એવુ સિદ્ધિવિનાયક મંદિર ખાતે હોળીના દિવસે ઈકોફ્રેન્ડલી હોળી પ્રગટાવવામાં આવશે. જેમાં આયુર્વૈદિક જડીબુટ્ટીઓનો વપરાશ કરવામાં આવશે. આ હોળી ૨૫ ફૂટ ઊંચી અને ૩૦ ફૂટ પહોળી બનાવવામાં આવશે. આ હોળી મંદિરના પરિસરમાં જ પ્રગટાવવામાં આવશે જેથી દર્શન દૂર કિલોમીટરથી પણ કરી શકાશે.

# ખેડબ્રહ્માના આગીયા ગામની અનોખી હોળી

### હોળીના ધગધગતા અંગારા પર ખુલ્લા પગે ચાલવાની પરંપરા : હોળીની સળગતી ધજા ઝીલનાર નિઃસંતાન વ્યક્તિના ઘરે પારણુ બંધાતુ હોવાની શ્રદ્ધા

ખેડબ્રહ્મા, તા. ૨

સાબકકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામમાં હોળી પર્વની ઉજવણી મહાકાળી માતાજીની પૂજનવિધિ સાથે થાય છે. હોળીને પ્રગટાવ્યા પછી હોળીના ધગધગતા અંગારા પર લોકો ખુલ્લા પગે ચાલી અનોખી રીતે આ પર્વ ઉજવે છે. દર વર્ષે આગીયાની હોળી જોવા રાજ્યભરમાંથી તથા રાજસ્થાનમાંથી પણ લોકો આવે છે. આગીયા ગામે પ્રગટતી હોળીની પરંપરા પાંડવ કાળથી ચાલી આવે છે તેમ મહાકાળી માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ ભૂપતસિંહ વાઘેલાએ જણાવ્યું હતુ.

આગીયા ગામમાં હોળી પ્રગટાવ્યા પછી હોળીની આગથી વાઘેલા વંશજો દ્વારા એક વાંસ સળગાવવામાં આવે છે. આ સળગતો વાંસ લઈ મહાકાળી માતાજીનું નામ લેતા મંદિર પાસે આવેલી વાવમાં સળગતા વાંસને ઠંડો કરવામાં આવે છે. સળગતા વાંસને માતાજીની વાવ સુધી પહોંચાડવા માટે વાઘેલા વંશજો મદદ કરતા હોય છે. અને હોળીની જગ્યાએ માતાજીની વાવ સુધી માતાજીનું નામ સતત બોલાતુ રહે તેની કાળજી પણ રાખવામાં આવે છે. ત્યાર બાદ મહાકાળી માતાજીના જય ઘોષ સાથે ગામના ભાઈઓ તથા બાળકો શ્રદ્ધાથી હોળીના ધગધગતા અંગારા પર ઉગાડા પગે ચાલે છે અને અંગારાથી દઝાતુ નથી. હોળીના અંગારા પર ચાલનાર પાસે સોના-ચાંદીના દાગીના કે ચામડાની કોઈ વસ્તુ ન હોવી જોઈએ તેની ખાસ તકેદારી રાખવામાં આવે છે. હોળીની સળગતી ધજા હવામાં ઉડતી નીચે આવે અને તેને નિઃસંતાન વ્યક્તિ જીલે તો તેના ઘરે પારણુ બંધાય છે તેવી માન્યતા પ્રચલિત છે. આગીયા ગામની હોળીના દર્શન કરવા અને ધગધગતા અંગારા પર ચાલવાનો પણ એક લાહવો છે.

### ગુરૂવારે રાત્રે ૮.૩૫ વાગે હોળી પ્રગટાવાશે

આ વર્ષે ગુરૂવારે રાત્રે ૮.૩૫ વાગે હોળી પ્રગટાવવામાં આવશે. મહાકાળી માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ ભૂપતસિંહ વાઘેલા, ટ્રસ્ટીઓ પ્રવિણભાઈ ફૂલજીભાઈ પટેલ, રાજેન્દ્ર જે. વાઘેલા તથા શાસ્ત્રી ઋતુલકુમાર જે. જોષી તથા તમામ ટ્રસ્ટીઓ આ અનોખા પર્વની ઉજવણીની તૈયારીમાં લાગી ગયા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦